"સુજલામ સુફલામ જળ અભિયાન
વર્ષ-૨૦૧૯" અંતર્ગતના કામોને
વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર

નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ક્રમાંક: પરચ/૨૦૧૯/૧૦૦/એમઆઇસેલ

તા. /૦૨/૨૦૧૯

28 FEB 2019

**વંચાણે લીધું:** નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૧૯/૧૦૦/એમઆઇસેલ તા.૦૬/૦૨/૨૦૧૯

**પ્રસ્તાવના:**

જળસંચયની કામગીરી અંતર્ગત રાજ્યના સબંધિત વિભાગો દ્વારા ગત વર્ષે વિવિધ કામો હાથ ધરવામા આવેલ છે. જે ચાલુ વર્ષે પણ તે મુજબ જળસંચયનો વ્યાપ વધે તે પ્રકારના કામો, ચોમાસા-૨૦૧૯ પહેલાં લોકભાગીદારીથી હાથ ધરવા માટે "સુજલામ્ સુફલામ્ જળ અભિયાન-૨૦૧૯" શરૂ કરવા માટે મહત્વનો નિર્ણય કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે જળસંગ્રહનાં કામો જેવા કે હયાત તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમોનું ડીસીલ્ટીંગ, હયાત જળાશયો/નદીનું ડીસીલ્ટીંગ, હયાત નુકશાન પામેલ ચેકડેમોના રીપેરીંગ, તળાવોના વેસ્ટ વીયરના રીપેરીંગ, નદીઓના કાંઠા પર વૃક્ષારોપણ અને નદીઓના પ્રવાહને અવરોધ રૂપ ગાંડા બાવળ, ઝાડી-ઝાંખરા દૂર કરવા, ટેરેસ/વનતલાવડી, તળાવોના વેસ્ટવીયરના રીપેરીંગ તથા નદી પુન: જીવીત કરવાની કામગીરીનો સમાવેશ કરેલ છે. ઉપરોક્ત કામગીરી લોકભાગીદારી તરીકે સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો, એપી.એમ.સી., ધાર્મિક સંસ્થાઓ તથા સરકારશ્રીના જાહેર સાહસોના સહયોગથી અથવા મનરેગા હેઠળ અથવા સંબંધિત વિભાગ દ્વારા હાથ ધરવાની થાય છે.

"સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૧૯" અન્વયે કરવાના થતા કામોની કામગીરી માટે સમાનાંકિત ક્રમાંક્ના તા.૦૬/૦૨/૨૦૧૯ના ઠરાવથી કાર્યપદ્ધતિ નક્કી કરાયેલ છે.

તમામ કલેક્ટરશ્રીઓ દ્વારા જળસંપત્તિ વિભાગને રજૂ કરેલ ગુજરાત રાજ્યના કુલ ૩૩ જીલ્લાઓના આખર કરેલ માસ્ટર પ્લાન અંતર્ગત સમાવેશ કરેલ કામગીરીઓની મંજૂરીની બાબત સરકારશ્રી સ્તરે વિચારણામાં હતી. જે અન્વયે નીચે મુજબના હુકમો કરવામાં આવે છે.

હુકમ:-

"સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૧૯" અંતર્ગત ગુજરાત રાજ્ય ના કુલ ૩૩ જિલ્લાઓના કુલ ૧૩૮૩૪ કામો કે જેની અંદાજીત કિંમત કુલ રૂ.૩૩૦૦૯(ત્રેત્રીસ હજાર નવ) લાખ થાય છે. જેની જિલ્લાવાર કામગીરીની વિગતો દર્શાવતી તારીજ આ સાથે એનેક્ષર-૧ અને સંકળાએલ સંબંધિત વિભાગવાર વિગતો દર્શાવતી તારીજ એનેક્ષર-૨ હેઠળ સામેલ છે. તે મુજબ રૂ.૩૩૦૦૯(ત્રેત્રીસ હજાર નવ) લાખના કુલ ૧૩૮૩૪ કામોના માસ્ટર પ્લાનને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) માસ્ટર પ્લાન અનુસાર ના કુલ મળીને ૧૩૮૩૪ કામો પૈકી લોકભાગીદારીથી કરવાના થતા કામો માટે વિભાગના "સુજલામ સુફલામ જળ અભિયાન" માટે વખતોવખતના ઠરાવની જોગવાઇ મુજબ નાણા ચુકવવાના થાય છે તથા આ યોજનાનો ખર્ચ સંબધિત વિભાગોના કામો માટે ચાલુ વર્ષની બજેટ જોગવાઈઓમાંથી કરવાનો રહેશે. તેમજ સંબંધિત વિભાગો દ્વારા બજેટ મર્યાદાને આધિન તેમજ જરૂરી જણાય તે મુજબ સુધારેલ અંદાજોમાં જરૂરી જોગવાઇ કરી લેવાની રહેશે.

(૨) લોકભાગીદારી સિવાયના અન્ય કામો માટે ખર્ચ સંબધિત વિભાગોના કામો માટેના સંબધિત સદર હેઠળના બજેટમાંથી કરવાનો રહેશે.

(૩) ચાલુ કામગીરી દરમિયાન લોકોની માંગણી મુજબ વધુ કામો લેવાની સત્તા જે તે જિલ્લાના કલેકટરશ્રીને અપાયેલ છે. આ સંજોગોમાં અભિયાન પુર્ણ થવાની તારીખ સુધીમાં ઉપરોકત માસ્ટર પ્લાનના કામોની સંખ્યા અને રકમ માં જે ફેરફારો થાય તે અંગેની જાણ જિલ્લા કલેકટરશ્રીએ જળસંપત્તિ વિભાગને કરવાની રહેશે.

(૪) જિલ્લા કક્ષાએ "સુજલામ સુફલામ જળ અભિયાન" હેઠળ સંભારભો તેમજ અન્ય કાર્યક્રમો યોજવા માટે કલેકટરશ્રીએ આયોજન કરીને ખર્ચ કરવાનો રહેશે અને થયેલ ખર્ચના નાણા ચુકવવા માટે કલેકટરશ્રીએ હુકમો કરવાના રહેશે અને તે મુજબ નાણાંની ચુકવણી જે તે કામના સંબધિત વિભાગ દ્વારા કરવાની રહેશે.

(૫) અભિયાન અંતર્ગત હાથ ધરાતાં કામોના અમલીકરણ અંગે જરૂરી કાળજી અને તકેદારીઓ રાખવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બિડાણ: (૧) એનેક્ષર-૧
(૨) એનેક્ષર-૨

**(એસ.બી.પ્રજાપતિ)**
ખાસ ફરજ પરના અધિકારી(સિં.યો.)
નર્મદા જ.સં. , પા.પુ. અને કલ્પસર વિભાગ
સચિવાલય,ગાંધીનગર

નકલ સાદર રવાના પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના અંગત મદદનીશશ્રી.સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર

(૨) માન. મંત્રીશ્રીના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર (તમામ)

(૩) માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર (તમામ)

(૪) અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગર

(૫) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ વિભાગ, ગાંધીનગર

(૬) અગ્ર સચિવશ્રી, પાણી પુરવઠા વિભાગ, ગાંધીનગર

(૭) કમિશનર અને સચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગર

(૮) અગ્ર સચિવશ્રી (નર્મદા),ગાંધીનગર

(૯) કલેકટરશ્રીઓના અંગત મદદનીશશ્રી (તમામ)

(૧૦) સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ, ગાંધીનગર

(૧૧) ખાસ સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ, ગાંધીનગર

(૧૨) વહીવટી સંચાલકશ્રી (સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ) ના અંગત મદદનીશશ્રી, ગાંધીનગર

(૧૩) સર્વે મુ.ઈ. અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૪) નાણાકીય સલાહકાર (જ.સં), સચિવાલય, ગાંધીનગર

(૧૫) સર્વે ઉપસચિવાશ્રીઓ (તાંત્રિક), સચિવાલય, ગાંધીનગર

(૧૬) સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ

(૧૭) સર્વે પ્રોજેકટ શાખા (ક-૧, ક-૨, ક-3,જ,એમઆઇસેલ,ક-૭), સચિવાલય, ગાંધીનગર

(૧૮) સિલેકટ ફાઇલ

# એનેક્ષર-૧

## સુજલામ સુફલામ જળ અભિયાન - ૨૦૧૯

### જીલ્લાવાર તારીજ

| ક્રમ | જીલ્લો | કામોની સંખ્યા | અંદાજીત રકમ (રૂ. લાખમાં) | જથ્થો (ધન મી.) | માનવદિન | જે.સી.બી. | ટ્રેક્ટર/ ડમ્પર |
|---|---|---|---|---|---|---|---|
| 1 | AHMEDABAD | ૪૫૩ | ૧૩૭૨.૮૪ | ૩૧૦૯૩૩૨ | ૭૧૫૮૦ | ૫૨૭ | ૧૯૪૦ |
| 2 | GANDHINAGAR | ૨૦૩ | ૩૧૯.૮૮ | ૮૫૯૫૮૬ | ૪૨૩૭૧ | ૨૩ | ૫૬ |
| 3 | MAHESANA | ૪૫૦ | ૫૭૮.૭૪ | ૧૦૧૯૭૮૯ | ૫૫૫૨૯ | ૨૪૮ | ૬૦૮ |
| 4 | PATAN | ૪૮૩ | ૭૮૫.૩૭ | ૬૫૮૩૭૦ | ૧૬૪૩૧૪ | ૧૩૦ | ૩૧૭ |
| 5 | BANASKANTHA | ૪૧૭ | ૧૩૭૦.૨૯ | ૨૧૧૩૮૪૮ | ૨૧૧૫૧૭ | ૨૩૫ | ૯૦૫ |
| 6 | SABARKANTHA | ૫૭૫ | ૧૭૮૬.૨૫ | ૧૨૪૪૪૦૦ | ૩૨૨૦૪૮ | ૧૭૯ | ૪૮૭ |
| 7 | ARVALLI | ૫૨૩ | ૧૧૧૦.૫૧ | ૨૫૬૯૮૪૫ | ૧૬૧૧૨૬ | ૪૫૦ | ૧૫૨૭ |
| 8 | KHEDA | ૫૬૪ | ૧૧૮૭.૩૫ | ૨૨૮૬૩૯૦ | ૧૨૮૨૮૭ | ૨૬૬ | ૫૭૬ |
| 9 | ANAND | ૬૫૬ | ૯૪૯.૩૩ | ૧૨૫૦૦૯૪ | ૧૧૨૯૦૫ | ૨૭૦ | ૫૩૯ |
| 10 | PANCHMAHALS | ૫૦૭ | ૭૮૭.૮૩ | ૩૧૨૪૨૦ | ૧૧૨૩૨૦ | ૧૪૪ | ૩૩૬ |
| 11 | MAHISAGAR | ૫૬૧ | ૭૨૭.૩૦ | ૫૯૨૪૧૬ | ૧૯૦૩૨૮ | ૯ | ૪૧ |
| 12 | DAHOD | ૭૦૯ | ૧૮૧૯.૬૩ | ૨૭૪૭૧૩૧ | ૨૩૬૦૫૨ | ૧૫૮ | ૪૫૪ |
| 13 | CHHOTAUDEPUR | ૨૯૮ | ૫૬૭.૮૦ | ૪૧૯૦૯૧ | ૨૫૮૪૧૬ | ૪ | ૮ |
| 14 | VADODARA | ૩૬૭ | ૫૫૮.૯૬ | ૧૨૧૧૪૫૨ | ૬૩૯૦૬ | ૬ | ૨૦ |
| 15 | BHARUCH | ૩૨૦ | ૬૭૭.૧૦ | ૧૧૧૯૨૯૩ | ૬૮૯૪૦ | ૧૨૯ | ૪૯૪ |
| 16 | NARMADA | ૪૧૬ | ૬૪૧.૬૦ | ૮૦૨૮૧૧ | ૨૩૪૬૦૨ | ૦ | ૦ |
| 17 | SURAT | ૨૫૬ | ૮૪૦.૪૮ | ૮૮૩૮૬૪ | ૧૯૭૬૭૨ | ૫૭૨૭ | ૧૨૩૪૭ |
| 18 | TAPI | ૩૬૦ | ૧૨૯૨.૩૩ | ૩૧૩૪૬૫ | ૨૨૩૦૯૮ | ૧૦૯ | ૧૩૯ |
| 19 | NAVSARI | ૧૫૭ | ૪૨૪.૪૯ | ૯૮૫૬૭૦ | ૫૨૬૬૪ | ૭૬ | ૨૨૮ |
| 20 | VALSAD | ૧૫૮ | ૩૩૧.૪૨ | ૭૦૭૫૨૪ | ૭૧૫૫૭ | ૯ | ૧૯ |
| 21 | THE DANGS | ૩૬૦ | ૫૪૫.૧૮ | ૨૭૫૭૫૦ | ૧૭૦૫૦૩ | ૬૧ | ૧૨૨ |
| 22 | SURENDRANAGAR | ૩૫૭ | ૮૩૪.૩૩ | ૧૮૬૮૯૦૬ | ૧૪૩૧૧૫ | ૧૪ | ૫૧ |
| 23 | RAJKOT | ૪૭૯ | ૧૪૬૯.૭૬ | ૧૫૮૦૦૮૨ | ૮૧૦૯૬ | ૨૯૭ | ૬૧૫ |
| 24 | BOTAD | ૩૩૩ | ૭૨૪.૪૧ | ૫૧૨૯૮૩ | ૨૧૦૭૨૬ | ૦ | ૦ |
| 25 | BHAVNAGAR | ૫૨૦ | ૧૦૬૯.૧૦ | ૨૬૫૪૦૧૪ | ૮૯૩૬૭ | ૬ | ૨૧ |
| 26 | AMRELI | ૩૦૧ | ૬૩૮.૬૩ | ૧૬૨૧૦૨૪ | ૧૬૮૭૦૪ | ૦ | ૦ |
| 27 | PORBANDAR | ૬૦૭ | ૧૩૨૬.૨૫ | ૩૯૧૫૨૩ | ૧૮૮૮૨૯ | ૧૦૨ | ૨૧૮ |
| 28 | GIR SOMNATH | ૨૪૯ | ૪૬૪.૧૩ | ૭૪૮૮૫૪ | ૮૮૫૮૭ | ૧૮૧ | ૪૧૩ |
| 29 | JUNAGADH | ૨૬૯ | ૪૮૬.૫૧ | ૩૫૬૫૩૪ | ૮૮૭૧૮ | ૯૧ | ૩૯૭ |
| 30 | DEVBHUMI DWARKA | ૫૪૨ | ૧૯૯૨.૯૨ | ૮૧૦૯૯૫ | ૧૯૮૬૪૫ | ૮૪ | ૨૦૬ |
| 31 | MORBI | ૨૧૪ | ૫૬૨.૯૬ | ૬૫૬૫૧૭ | ૭૨૯૨૯ | ૧૫૪ | ૩૪૪ |
| 32 | JAMNAGAR | ૩૧૧ | ૧૭૮૪.૩૩ | ૩૩૯૦૧૭૮ | ૪૭૧૫૬ | ૨૯૪ | ૬૪૪ |
| 33 | KACHCHH | ૮૫૯ | ૨૯૮૧.૩૯ | ૩૩૪૫૪૬૩ | ૯૦૩૩૮૭ | ૩૦૯ | ૫૯૮ |
| | Total | ૧૩૮૩૪ | ૩૩૦૦૯.૪૦ | ૪૩૪૧૯૬૧૪ | ૫૪૩૦૯૯૪ | ૧૦૨૯૨ | ૨૪૬૭૦ |

# એનેક્ષર-૨

# સુજલામ સુફલામ જળ અભિયાન - ૨૦૧૯

## વિભાગવાર તારીજ

| ક્રમ | વિભાગ | કામોની સંખ્યા | અંદાજીત રકમ (રૂ. લાખમાં) | જથ્થો (ઘન મી.) | માનવદિન | જે.સી.બી. | ટ્રેક્ટર/ ડમ્પર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જળસંપતિ | ૬૨૯૭ | ૧૬૧૮૯.૦૯ | ૩૧૩૮૯૭૯૦ | ૨૪૬૬૪૬ | ૯૨૭૨ | ૨૨૨૭૧ |
| ૨ | ગ્રામ વિકાસ | ૩૬૮૪ | ૯૩૨૩.૯૧ | ૪૭૧૬૭૩૭ | ૪૫૮૮૩૪૧ | ૪ | ૩૬ |
| ૩ | વન અને પર્યાવરણ | ૧૦૭૦ | ૧૪૨૭.૮૧ | ૧૨૪૩૩૮૨ | ૧૨૯૯૧૨ | ૪૩૦ | ૭૪૭ |
| ૪ | પાણી પુરવઠા | ૮૯૪ | ૩૬૦.૦૫ | ૨૩૪૯૧૦ | ૬૯૩૧ | ૩૬ | ૧૦૦ |
| ૫ | શહેરી વિકાસ | ૬૦૩ | ૩૩૫૭ | ૪૨૯૨૪૮૩ | ૧૨૦૧૩ | ૪૫૬ | ૧૨૬૪ |
| ૬ | નર્મદા નિગમ | ૨૫૪ | ૨૧૦.૯૬ | ૦ | ૨૧૯૮ | ૧૬ | ૦ |
| ૭ | વોટર શેડ | ૧૦૨૮ | ૨૧૩૪.૫૦ | ૧૫૨૩૧૬૦ | ૪૪૪૯૫૩ | ૭૫ | ૨૪૬ |
| ૮ | અન્ય | ૪ | ૫.૭૫ | ૧૯૧૫૩ | ૦ | ૩ | ૬ |
| | કુલ | ૧૩૮૩૪ | ૩૩૦૦૯.૪૦ | ૪૩૪૧૯૬૧૪ | ૫૪૩૦૯૯૪ | ૧૦૨૯૨ | ૨૪૬૭૦ |